# સરકારી મુદ્રણાલય અને લેખનસામગ્રી, રાજકોટ (ગેઝેટ વિભાગ)
## નામ, અટક અને જન્મ તારીખ બદલવાની ક્વેરીનું લીસ્ટ

| ક્વેરી નં. | ક્વેરી લીસ્ટ |
|---|---|
| ૧ | નામ/અટક બદલી સાથે ઉર્ફે રાખેલ નામને પ્રસિધ્ધિ આપવામાં આવતી નથી જેથી નોટિસ ફોર્મમાં દર્શાવેલ ઉર્ફે રાખેલ નામને રદ કરી એફીડેવીટમાં નોટરી પાસે સુધારો કરાવી નોટિસ ફોર્મ પરત કરવાનું રહેશે. એકજ જુનુ પુરૂ નામ બદલી એક જ નવું પુરૂ નામ પ્રસિધ્ધ કરવામાં આવે છે. |
| ૨ | અરજદાર દ્વારા ફક્ત નામ/અટક બદલીને જ પ્રસિધ્ધિ આપવામાં આવે છે. અવસાન પામેલ પિતા અથવા પતિ/પત્નિના નામમાં કોઇ ફેરફારને પ્રસિધ્ધિ આપવામાં આવતી નથી. |
| ૩ | અરજદાર દ્વારા કરવામાં આવતાં પિતાના અથવા પતિનાં નામમાં ફેરફારને પ્રસિધ્ધી આપવામાં આવતી નથી. પિતાના અથવા પતિનાં નામમાં ફેરફાર કરવા માટે પિતાએ અથવા પતિએ જુના નામમાંથી નવા નામ સુધારા માટે અલગ નોટિસ ફોર્મ ભરી, અલગ પ્રસિધ્ધી ફી ભરી તેમજ પિતાએ/પતિએ અલગ એફીડેવીટ કરી ફોર્મ ભરી પરત કરવાનું રહેશે ત્યારબાદ જ પિતાના અથવા પતિનાં નામમાં ફેરફાર થઈ શકશે. પિતા/પુત્ર અથવા પિતા/પુત્રીનાં પતિ/પત્નીનાં ફોર્મ જુદા પડે નહી તેવી રીતે એક સાથે મોકલવાનાં રહેશે. પિતાનું અથવા પતિનું નામ અગાઉ તફાવતવાળું પ્રસિધ્ધ થયેલ હોય તો ગેઝેટની નકલ સાથે જોડવી. પિતાનાં અથવા પતિનાં નામમાં તફાવત રાખવાનો ન હોય તો જુનાં નામ પ્રમાણે બન્ને નામ સરખા લખવા. એફીડેવીટમાં નોટરી પાસે સુધારો કરાવવો. |
| ૪ | નામ/અટક બદલી અંગે અરજદારે ફોર્મ સાથે ગેઝેટ પ્રસિધ્ધીનું હેતુલક્ષી અસલ સોગંદનામું (Affidavit) મોકલવાનું રહેશે. અરજદાર પુખ્ત ઉંમરનાં હોય સોગંદનામું અરજદારે પોતે બનાવવાનું રહે છે. |
| ૫ | નામ/અટક બદલી અંગે સગીર અરજદારના કિસ્સામાં અસલ સોગંદનામું અરજદારના પિતાએ/વાલીએ કરવાનું રહે છે. (એકથી વધુ સગીરનાં કિસ્સામાં વ્યકિતગત ધોરણે અલગ અલગ એફીડેવીટ આપવાની રહે છે.) પુખ્ત/સગીરના કિસ્સામાં ગુજરાતી માટે ગુજરાતી અને અંગ્રેજી માટે અંગ્રેજી ભાષાની હાલની તાજેતરની ગેઝેટ હેતુલક્ષી અસલ એફીડેવીટ આપવી. |
| ૬ | પરણિત સ્ત્રીએ પિતાનું નામ/અટક બદલીને પતિનું નામ/અટક ધારણ કરવા ઇચ્છતી હોય તેવી સ્ત્રી અરજદારોએ લગ્નની પૂર્તતા કરાવવા માટે અસલ પ્રિન્ટેડ લગ્ન કંકોતરી અથવા લગ્નવિજ્ઞપ્તિ, (Memorandum of Marriage) ની ટ્રુ કોપી (પ્રમાણિત નકલ) મોકલવાની રહે છે. લગ્નને ખુબજ લાંબો સમયગાળો થયેલ હોય અને કંકોત્રી ઉપલબ્ધ ન હોય તો પિતાના નામ અને પતિનાં નામ સાથેનો સરકારી આધાર અને પતિ-પત્નીના જોઇન્ટ સોગંદનામા આપવા. |
| ૭ | જાહેરખબર નોટિસ ચાર્જ વી. પી. પી. ચલન કે પોસ્ટલ ઓર્ડરથી સ્વીકારવામાં આવતો નથી. માટે આપે મોકલેલ વી. પી. પી./ચલન/પોસ્ટલ ઓર્ડર નંબર PO Number Rs. PO Amount નો પરત કરવામાં આવે છે. Rs. MO Amount. નો મનીઓર્ડર કરવો તેની માહિતી નોટિસ ફોર્મમાં લખવી. મનીઓર્ડરની ઝેરોક્ષ નકલ ચોડવી. |
| ૮ | દત્તક વિધાનમાં કાયદાકિય ગુંચ તેમજ વારસાઈ અને મિલકતને લગતી બાબતો હોઈ હિન્દુ દત્તક વિધાન અને ભરણપોષણ અધિનિયમ-૧૯૫૬ અન્વયે અદ્યતન જોગવાઈ/સુધારા મુજબનું સબ રજીસ્ટ્રાર કચેરીમાં નોંધાયેલ દત્તક વિધાન રજૂ કર્યેથી નામમાં ફેરફારને પ્રસિધ્ધી આપી શકાશે. દત્તક પુત્ર/પુત્રીની ઉંમર ૧૫ વર્ષથી વધુ હોય તે સમયે નોટિસ ફોર્મ સાથે નામદાર કોર્ટના હુકમના આધારે પ્રસિધ્ધી આપવામાં આવશે. દતક વિધાનનાં કેસમાં બાળકનાં જુના/ નવા નામ ફેરફાર માટે પાલક પિતાએ સોગંદનામું આપવું અને દત્તક પુત્ર/પુત્રીનાં જન્મનાં પ્રમાણપત્રની અથવા L.C. ની ટ્રુ કોપી સાથે આપવી. |
| ૯ | પતિ/પત્નીનાં છૂટાછેડાના કિસ્સામાં અરજદારે કાનૂની દસ્તાવેજ મોકલવાનો રહે છે પુનઃલગ્નનાં કિસ્સામાં સરકારી મેરેજ સર્ટીફીકેટની ટ્રુકોપી આપવી. હાલનાં પતિ અથવા પત્નીનાં પ્રથમ લગ્ન હોય તો એફીડેવીટથી જાહેર કરવું. |
| ૧૦ | નામ/અટક બદલી પ્રસિધ્ધિનો ચાર્જ (અનુસૂચિતજાતિ વર્ગોના સભ્યો સિવાય) Rs. ૨૦૦-૦૦ (બસો રૂપિયા) છે. અનુસૂચિતજાતિ, અનુ.જનજાતિ વર્ગોના સભ્યો માટે નામ/અટક બદલી પ્રસિધ્ધિ ચાર્જ Rs. ૧૨૦-૦૦ (એકસો વીસ રૂપિયા) છે. સાથે કાસ્ટ સર્ટીફીકેટની પ્રમાણિત નકલ મોકલવાની રહે છે. નોટિસ પ્રસિધ્ધિ માટે ખૂટતી રકમ મનીઓર્ડર દ્વારા મોકલવાની રહેશે. તફાવતની રકમનું નવું મનીઓર્ડર કરી ફોર્મમાં વિગત લખવી. મનીઓર્ડરની ઝેરોક્ષ ફોર્મ સાથે જોડવી. વધારાની ગેઝેટ એક નકલનાં Rs. ૮૦-૦૦ (રૂપિયા એંસી) જરૂરીયાત મુજબ લખવી. |

| ક્વેરી નં. | ક્વેરી લીસ્ટ |
|---|---|
| ૧૧ | જન્મ તારીખ બદલવાના પૂરાવારૂપે સાચી જન્મ તારીખ અને ખોટી જન્મ તારીખ જે જગ્યાએ નોંધાયેલ હોય તેની પ્રમાણિત નકલ (ટ્રુ કોપી) અને જન્મ તારીખ ફેરફાર કરવા અંગેનું અસલ સોગંદનામું પણ ફોર્મ સાથે મોકલવાનું રહેશે. અંગ્રેજીમાં જન્મ તારીખ ફેરફારને પ્રસિધ્ધિ આપવામાં આવતી નથી. જન્મનાં પ્રમાણપત્ર મુજબની જન્મ તારીખ સાચી ગણવામાં આવે છે. |
| ૧૨ | દક્ષિણના તથા અન્ય રાજ્યોની રૂઢી કે નામાભિધાન/વ્યકિતગત ઓળખ (ID) અલગ હોઈ અરજદારે રજૂ કરેલ ગેઝેટ પ્રસિધ્ધીનું હેતુલક્ષી અસલ સોગંદનામું તેમજ સરકારી આધારો રજૂ કર્યેથી નામની પ્રસિધ્ધિ આપવામાં સરકારની કોઈ જવાબદારી રહેતી નથી. આવી પ્રસિધ્ધિ અંગે અરજદારની વ્યકિતગત જવાબદારી રહેશે. જેને કોઈ કાનૂની પીઠબળ મળશે નહી. |
| ૧૩ | બાળકના નામ પાછળ માતાનું નામ પ્રસિધ્ધ કરવા બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટના વિવિધ ચૂકાદાને આધીન છુટાછેડાના કિસ્સામાં બાળકનો કબજો કાયદેસર રીતે માતા પાસે હોય તેવા કિસ્સામાં આધાર રજૂ કર્યેથી તેમજ બાળક અને માતાના સોગંદનામું (એફીડેવીટ) ના આધારે બાળકના નામ પાછળ માતાનું નામ/અટકને પ્રસિધ્ધિ આપી શકાશે. |
| ૧૪ | પુનઃલગ્નનાં કિસ્સામાં અરજદાર દ્વારા સોગંદનામામાં વિગતવાર ઉલ્લેખ કરીને સૂચવેલ ફેરફારને કોર્ટ દ્વારા અપાયેલ લગ્ન વિચ્છેદનો હુકમ (ડાયવોર્સ ડીડ) અને પુનઃલગ્નનું સરકારી મેરેજ સર્ટીફીકેટ આધાર તેમજ માતા અને પિતાના સોગંદનામાના આધારે બાળકોના નામ પાછળ પિતાના નામ/અટક બદલીને ફેરફાર પ્રસિધ્ધ કરી શકાશે, આવી પ્રસિધ્ધિ અંગે અરજદારની વ્યકિતગત જવાબદારી રહેશે. જેને કોઈ કાનૂની પીઠબળ મળશે નહી. |
| ૧૫ | અરજદારે ફોર્મમાં જુનું નામ તથા નવું નામ પૂરૂ લખવું તથા તે મુજબ તાજેતરનું સોગંદનામું આપવું |
| ૧૬ | અરજદારે નવા ભાવ પત્રક (ક્વેરી નં. ૧૦) મુજબ ખુટતી ફી ભરવી. |
| ૧૭ | સોગંદનામામાં અરજદારની સહી કરવી. |
| ૧૮ | ફોર્મ મુજબ ગેઝેટના હેતુ અંગેનું અસલ સોગંદનામું |
| ૧૯ | સોગંદનામામાં સુધારામાં નોટરીના સહી-સિક્કા કરવા. |
| ૨૦ | મનીઓર્ડર અને નોટિસ ફોર્મ વ્યવસ્થાપક, સરકારી મુદ્રણાલય અને લેખનસામગ્રી, રીડ કલબ રોડ, નવી કલેકટર કચેરી નજીક, રાજકોટ-૩૬૦૦૦૧ ના સરનામે મોકલવું. મનીઓર્ડર અરજદારના જુના નામથી જ મોકલવું અને નોટિસ ફોર્મમાં મનીઓર્ડરની સંપૂર્ણ વિગત દર્શાવવી. |
| ૨૧ | ગેઝેટનું તાજેતરનું ફોર્મ જુના નામનાં આધાર મુજબ ભરવુ તથા તે મુજબ ગેઝેટના હેતુવાળુ સોગંદનામું કરી આપવુ. |
| ૨૨ | પુત્રના નામની પાછળ જે રીતે પિતાના નામમાં ફેર થાય છે તે મુજબ જ પિતાએ ગેઝેટ કરવું. |
| ૨૩ | આપની ગેઝેટની અરજી આ કારણોસર અમાન્ય ઠરાવવામાં આવેલ છે અને ગેઝેટની પ્રસિધ્ધી થઈ શકે તેમ નથી. : જ્ઞાતિ-ધર્મ પરિવર્તન, જાતિ તથા પેટા જ્ઞાતિને પ્રસિધ્ધિ આપવામાં આવતી નથી. |
| ૨૪ | આપની ગેઝેટની અરજી આ કારણોસર અમાન્ય ઠરાવવામાં આવેલ છે અને ગેઝેટની પ્રસિધ્ધી થઈ શકે તેમ નથી. : જન્મ સ્થળ ફેરફાર કરવા અંગેની નોટિસને પ્રસિધ્ધિ આપવામાં આવતી નથી. |
| ૨૫ | આપની ગેઝેટની અરજી આ કારણોસર અમાન્ય ઠરાવવામાં આવેલ છે અને ગેઝેટની પ્રસિધ્ધી થઈ શકે તેમ નથી. : અવસાન પામેલા વ્યક્તિઓના નામ ફેરફારના કિસ્સામાં પ્રસિધ્ધ કરવામાં આવતું નથી. |
| ૨૬ | આપની ગેઝેટની અરજી આ કારણોસર અમાન્ય ઠરાવવામાં આવેલ છે અને ગેઝેટની પ્રસિધ્ધી થઈ શકે તેમ નથી. : ગુમ થયેલા વ્યકિતના નામમાં ફેરફાર કરવાની માંગણી સ્વીકારવામાં આવતી નથી. |
| ૨૭ | આપની ગેઝેટની અરજી આ કારણોસર અમાન્ય ઠરાવવામાં આવેલ છે અને ગેઝેટની પ્રસિધ્ધી થઈ શકે તેમ નથી. : અરજદારના નામ આગળ સંબોધવામાં આવતા વિશેષણ/પદવી/ઉપનામ વિગેરેના ઉલ્લેખ સાથે નામમાં ફેરફારને પ્રસિધ્ધિ આપવામાં આવતી નથી. |
| ૨૮ | આપની ગેઝેટની અરજી આ કારણોસર અમાન્ય ઠરાવવામાં આવેલ છે અને ગેઝેટની પ્રસિધ્ધી થઈ શકે તેમ નથી. : છેકછાક કે અવાચ્ય અક્ષરે ભરેલ નોટિસ ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. તેમજ તે માટે પ્રેસ જવાબદાર રહેશે નહિ. |

| ક્વેરી નં. | ક્વેરી લીસ્ટ |
|---|---|
| ૨૯ | આપની ગેઝેટની અરજી આ કારણોસર અમાન્ય ઠરાવવામાં આવેલ છે અને ગેઝેટની પ્રસિધ્ધી થઈ શકે તેમ નથી. : વિદેશી નાગરિકના નામ/અટક બદલી અંગેના ફેરફારને પ્રસિધ્ધિ આપવામાં આવતી નથી. |
| ૩૦ | અરજદારે ખૂટતા દસ્તાવેજ જોડવા. જેમકે : ગેઝેટ પ્રસિધ્ધી માટેનું સોગંદનામું |
| ૩૧ | અરજદારે ખૂટતા દસ્તાવેજ જોડવા. જેમકે : અરજદારનો તાજેતરનો ફોટો |
| ૩૨ | અરજદારે ખૂટતા દસ્તાવેજ જોડવા. જેમકે : જૂના નામનો આધાર |
| ૩૩ | અરજદારે ખૂટતા દસ્તાવેજ જોડવા. જેમકે : દત્તક વિધાન દસ્તાવેજ |
| ૩૪ | અરજદારે ખૂટતા દસ્તાવેજ જોડવા. જેમકે : લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર/ પતિના મરણનો દાખલો/ પતિ-પત્નિનું સંયુક્ત સોગંદનામું/ લગ્નની કંકોત્રી આરીજનલ |
| ૩૫ | અરજદારે ખૂટતા દસ્તાવેજ જોડવા. જેમકે : છુટાછેડાનો દસ્તાવેજ |
| ૩૬ | અરજદારે ખૂટતા દસ્તાવેજ જોડવા. જેમકે : પિતાનું નામ જે ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ હોય તે ગેઝેટની કોપી |
| ૩૭ | અરજદારે ખૂટતા દસ્તાવેજ જોડવા. જેમકે : જન્મના દાખલાની ટ્રુ કોપી / સ્વયં પ્રમાણિત આપવી. |
| ૩૮ | અરજદારે ખૂટતા દસ્તાવેજ જોડવા. જેમકે : દત્તક અરજદાર પુખ્તવયનો હોય કોર્ટનો ઓર્ડર |
| ૩૯ | અરજદારે ખૂટતા દસ્તાવેજ જોડવા. જેમકે : પુન:લગ્ન નો સરકારી આધાર |
| ૪૦ | અરજદારે ખૂટતા દસ્તાવેજ જોડવા. જેમકે : ફોર્મ મુજબ અંગ્રેજી ભાષામાં સોંગદનામુ આપવુ |
| ૪૧ | અરજદારે ખૂટતા દસ્તાવેજ જોડવા. જેમકે : જુના નામમાં પિતાનુ નામ લખવુ તે મુજબ સોંગદનામુ જોડવુ |
| ૪૨ | અરજદારે ખૂટતા દસ્તાવેજ જોડવા. જેમકે : ફોર્મ મુજબ ગુજરાતી ભાષામાં સોંગદનામુ આપવું |
| ૪૩ | અરજદારે ખૂટતા દસ્તાવેજ જોડવા. જેમકે : ફોર્મ મુજબ સોંગદનામુ આપવું |
| ૪૪ | અરજદારે ખૂટતા દસ્તાવેજ જોડવા. જેમકે : ફોર્મ મુજબ અંગ્રેજી ભાષામાં અસલ સોંગદનામુ આપવુ |
| ૪૫ | અરજદારે ખૂટતા દસ્તાવેજ જોડવા. જેમકે : ગેઝેટનું તાજેતરનું ફોર્મ ભરવું |
| ૪૬ | અરજદારે ખૂટતા દસ્તાવેજ જોડવા. જેમકે : ફોર્મમા અને સોંગદનામા મા અરજદારની સહી કરવી |
| ૪૭ | આપની ગેઝેટની અરજી આ કારણોસર અમાન્ય ઠરાવવામાં આવેલ છે અને ગેઝેટની પ્રસિધ્ધી થઈ શકે તેમ નથી. : ક્રમ ફેરફારને પ્રસિધ્ધી આપવામાં આવતી નથી. |
| ૪૮ | પ્રસિધ્ધ થયેલ ગેઝેટમાં પ્રિન્ટ મીસ્ટેક આવતા પ્રસિધ્ધ થયાના દિવસ ૩૦ માં અત્રેની કચેરીને સુધારાની અરજી સાથે રેપર તથા ગેઝેટની આવેલ તમામ અસલ નકલ રજુ કરવી. |
| ૪૯ | અન્યઃ જેમ કે ફોર્મમાં ભરેલ અધુરી વિગત / ખૂટતા દસ્તાવેજો |

**નોંધ :**

(૧) ક્વેરી નંબર-૧૦, ૧૬, ૩૨, ૩૪, ૩૬, ૩૭, ૩૯ જો આપને આવેલ હોય તો તેને સંલગ્ન ડોક્યુમેન્ટ તથા અરજી દિન-૧૫માં અત્રેની કચેરીને મોકલવાથી આપની આગળની કાર્યવાહી હાથ ધરી શકાશે અન્યથા આપને ઉપરોક્ત સમયમર્યાદા બાદ આપના ડોક્યુમેન્ટ પરત કરવામાં આવશે.

(૨) ડોક્યુમેન્ટ તથા અરજી ગેઝેટ ઓફીસે મોકલવા માટે કવર ઉપર રીટર્ન કેસ તથા ગેઝેટ રજીસ્ટ્રેશન નંબર (**આપના મોબાઈલમાં આવેલ મેસેજ મુજબ**) અવશ્ય લખવાનો રહેશે.

(૩) અરજદારને ગેઝેટ બાબતે કોઈ માહિતી જોઈતી હોય તો તેમણે નીચેના ઈમેઈલ એડ્રેસ પર ઈમેઈલ કરવો.

**gogpress-raj@gujarat.gov.in**